


# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૧) અંક નં. ૭૨ ૨૩ મે, ૨૦૧૬, સોમવાર ; વૈશાખ વદ - ૨ પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

# ભાવ વધારાને નાથવા એક્શન પ્લાન

**ફ્યુચર માર્કેટમાંથી ચણાને ડીલિસ્ટિંગ કરવાની પણ ભલામણ : ખાંડ ઉપર આયાત ડ્યુટીને ઘટાડવાની સક્રિય વિચારણા શરૂ : રિટેલ માર્કેટમાં કિંમતો ઉપર નજર રાખવા એજન્સી રોકવા ટૂંક સમયમાં ટેન્ડર જારી કરાશે**

મુંબઇ,તા. ૨૨

જુલાઈથી ડિસેમ્બરના તહેવારના મહિના દરમિયાન જીવન જરૂરી ચીજવસ્તુઓના ભાવને કાબુમાં રાખવા માટે કેન્દ્ર સરકાર દ્વારા શ્રેણીબદ્ધ પગલાની જાહેરાત કરવામાં આવી છે. તમામ જરૂરી ચીજવસ્તુઓના ભાવને કાબુમાં રાખવા માટે પાંચ મુદ્દાનો એક્શન પ્લાન સ્વીકારી લેવામાં આવ્યો છે.આ ઉપરાંત રિટેલ માર્કેટમાં કિંમતો પર નજર રાખવા માટે એજન્સી રોકવા માટે ટેન્ડર આગામી મહિના સુધી તૈયાર કરી લેવામાં આવશે. સરકાર ખાંડ પર આયાત ડ્યુટીને ઘટાડી દેવા અને નિકાસ પર પ્રતિબંધ મુકવા પણ વિચારી રહી છે. મિલરો દ્વારા જાળી રાખવામાં આવેલા જથ્થા પર નજર રાખવા માટે મહારાષ્ટ્ર, ઉત્તરપ્રદેશ અને કર્ણાટકને કહેવામાં આવ્યુ છે. સામાન્ય લોકોને મોંઘવારીથી બચાવી લેવા માટે વિવિધ પગલા જાહેર કરવામાં આવ્યા છે. મોદી સરકારે જે પગલા લીધા છે તેના કારણે સામાન્ય લોકોને રાહત મળી શકે છે. જે પગલા લેવામા આવ્યા છે તેમાં ફ્યુચર માર્કેટમાંતી ચણાને લિસ્ટિંગથી દુર કરવાનો નિર્ણય સામેલ છે.

સાથે સાથે ખાંડ પર આયાત ડ્યુટીને ઘટાડી દેવાની વાત કરવામાં આવી છે. સાથે સાથે મિલર્સ, નિર્માતાઓ અને આયાતકારો માટે કઠોળ પર સ્ટોક હોલ્ડિંગ લિમિટ અથવા તો સ્ટોક જાળવી રાખવા સાથે સંબંધિત મર્યાદાને વધારે તર્કસંગત બનાવી દેવાનો રાજ્યોને આદેશ કરવામાં આવ્યો છે. તેમને મુલ્યવર્ધિત ટેક્સમાંથી મુક્તિ આપવામાં આવી છે.

જીવન જરૂરી વસ્તુઓની કિંમત મામલે રાજ્યોના ખાદ્યાન્ન પ્રધાનો સાથે બેઠક યોજ્યા બાદ પત્રકારો સાથે વાતચીત કરતા કેન્દ્રિય ખાદ્યાન્ન પ્રધાન રામવિલાસ પાસવાને કહ્યુ છે કે સરકાર કઠોળ બફર સ્ટોકના કદને ૯૦૦૦૦૦ટનથી વધારીને ૧૫૦૦૦૦ ટન સુધી લઇ જવા અંગે વિચારી રહી છે. વિભાગીય કમિટી દ્વારા કરવામાં આવેલી ભલામણ મુજબ આ સંબંધમાં નિર્ણય કરવામાં આવશે, બેઠકમાં જીવનજરૂરી ચીજવસ્તુઓના ભાવને કાબુમાં લેવા માટે પાંચ મુદ્દાનો એક્શન પ્લાન સ્વીકારી લેવામાં આવ્યો છે.

## પુડુચેરીના ઉપરાજ્યપાલ પદે કિરણ બેદી



નવીદિલ્હી,તા. ૨૨

પૂર્વ આઈપીએસ અને ભાજપના નેતા કિરણ બેદીની આજે પુડુચેરીના લેફ્ટ. ગવર્નર તરીકે નિમણૂંક કરવામાં આવી હતી. રાષ્ટ્રપતિ પ્રણવ મુખર્જીએ તેમની પુડુચેરીના એલજી તરીકે નિમણૂંક કરવાને લીલીઝંડી આપી હતી. અણ્ણા હજારેના આંદોલન સાથે જોડાયેલા રહેલા અને મોડેથી ભાજપમાં સામેલ થઇ ચુકેલા કિરણ બેદીનું નામ પ્રથમ મહિલા આઈપીએસ અધિકારી હોવાનું રહેલું છે. દેશના પ્રથમ આઈપીએસ અધિકારી તરીકે કિરણ બેદીએ સફળતા મેળવી હતી.

## મોદીની સહારનપુર રેલીથી મિશન યુપીની શરૂઆત થશે

નવીદિલ્હી,તા. ૨૨

વડાપ્રધાન નરેન્દ્ર મોદીની સહારનપુર રેલીથી ભાજપ ઉત્તરપ્રદેશ વિધાનસભા ચૂંટણી માટે પોતાના પ્રચારની શરૂઆત કરશે. સરકારના બે વર્ષ પૂર્ણ થયાના પ્રસંગે આ રેલી ૨૬મી મેના દિવસે સહારનપુરમાં થશે. એજ દિવસે વિકાસ પર્વ સપ્તાહની શરૂઆત પણ થશે જેમાં કેન્દ્ર સરકારના કામોને કાર્યકરો લોકોની વચ્ચે લઈને જશે.

# પાણીનું જતન કરવા પ્રધાનમંત્રીની અપીલ



**મન કી બાત કાર્યક્રમમાં મોદીએ વિવિધ મુદ્દા ઉપર વાત કરી : મોનસુનમાં વિલંબ થવાની જાહેરાત થયા બાદ પરેશાન વધી ગઇ છે : પાણી અને પર્યાવરણ પર ચર્ચા જરૂરી**

નવીદિલ્હી,તા. ૨૨

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે ૨૦મી વખત રેડિયો કાર્યક્રમ મન કી બાત મારફતે દેશના લોકો સાથે વાતચીત કરી હતી. આ વખતે મન કી બાત કાર્યક્રમમાં વડાપ્રધાને પાણી બચાવવાના મુદ્દા ઉપર વિશેષ ભાર મુક્યો હતો. તેમણે કહ્યું હતું કે, દેશના મોટાભાગના વિસ્તારો હાલમાં પ્રચંડ ગરમીના સકંજામાં આવી ગયા છે. મોનસુન પણ મોડેથી પહોંચે તેવી જાહેરાત કરવામાં આવી છે જેના કારણે લોકોની તકલીફ વધી ગઈ છે. મોદીએ દેશના લોકોને વરસાદમાં પાણીનું જતન કરવા અપીલ કરી હતી. પાણીની અછતના સંદર્ભમાં રહેલા કારણો અંગે વાત કરતા મોદીએ કહ્યું હતું કે, પાણી અને પર્યાવરણ ઉપર ચર્ચા કરવાની જરૂર

● અનુસંધાન પાન-૭ પર

## BCCI પ્રમુખ તરીકે ભાજપના અનુરાગ ઠાકુરની નિમણૂંક

**વિશ્વના સૌથી શક્તિશાળી ક્રિકેટ બોર્ડ પર રાજનેતાનું વર્ચસ્વ : એક સપ્તાહથી વધુ સમયથી ખાલી પડેલા હોદ્દાની ચૂંટણી લઇ ભારે સસ્પેન્સની સ્થિતિ હતી : સ્પેશિયલ જનરલ મિટિંગમાં નિર્ણય**



નવીદિલ્હી,તા. ૨૨

એક સપ્તાહથી પણ વધુ સમય સુધી ખાલી રહેલી ભારતીય ક્રિકેટ કન્ટ્રોલ બોર્ડના પ્રમુખની ખુરશી ઉપર હિમાચલ પ્રદેશના સાંસદ અનુરાગ ઠાકુરની તાજપોશી કરવામાં આવી છે. આની સાથે જ ચાલી રહેલી ચર્ચાઓનો અંત આવી ગયો છે. અનુરાગ ઠાકુર સર્વસંમતિથી સ્વતંત્ર ભારતના સૌથી યુવા બીસીસીઆઈ પ્રમુખ તરીકે ચૂંટાઈ આવ્યા હતા. ભારતીય ક્રિકેટમાં આ સૌથી હાઈપ્રોફાઈલ જવાબદારી હવે અનુરાગ ઠાકુર પાસે આવી ગઈ છે. તાજેતરના સમયમાં ક્રિકેટ બોર્ડની પણ વિવિધ કારણોસર ટિકાઓ થઈ રહી છે. આજે સવારે બોર્ડની ખાસ જનરલ મિટિંગ યોજાઈ હતી જેમાં અનુરાગ ઠાકુરની પસંદગી કરવામાં આવી હતી. શનિવારે સાંજે પાંચ વાગ્યા સુધી પ્રમુખના હોદ્દાની ચૂંટણી માટે

● અનુસંધાન પાન-૭ પર

# રાજ્યના ૩૦૦ ગામોને સ્માર્ટ વિલેજ બનાવાશે

**શાસન દાયિત્વના ત્રીજા વર્ષ પૂર્વે સ્માર્ટ વિલેજ યોજનાનો શુભારંભ : ૧૦૦ ટકા શૌચાલય પૂર્ણ કરનાર ગામોના સરપંચોનું સન્માન પણ કરવામાં આવ્યું**

અમદાવાદ, તા.૨૨

ગુજરાતના મુખ્યમંત્રી તરીકે આનંદીબેન પટેલે આજે બે વર્ષ પૂરા



કરી લીધા હતા. ત્રીજા વર્ષના પ્રારંભે મહાત્મા મંદિરમાં ગૌરવશાળી સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું. મુખ્યમંત્રી આનંદીબેન પટેલે ગુજરાતના ગામોને સ્વાવલંબિત, સ્વચ્છ, સ્વસ્થ અને આધુનિક સુવિધાઓથી સજ્જ બનાવી શહેરી સુવિધાઓ ગામમાં આપવાના સમ્યક વિકાસ ધ્યેય સાથે સ્માર્ટ વિલેજ યોજનાનો રાજયમાં પ્રારંભ કરાવ્યો છે.

પ્રથમ મહિલા મુખ્યમંત્રી તરીકે રાજય શાસનનું સફળ નેતૃત્વ પૂર્ણ કરવાના તૃતીય વર્ષના પ્રારંભે આનંદીબેન રૂ. ૧૮૫ કરોડના પ્રાવધાન સાથે સર્વાંગીણ ગ્રામવિકાસની નેમ પાર પાડવા આ યોજના સાડા છ કરોડ ગુજરાતીઓના ચરણે ભેટ ધરી છે. ગ્રામ સ્વરાજથી સુરાજયના ખ્યાલના પિતામહ રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીની સ્મૃતિ સમા મહાત્મા મંદિરથી મુખ્યમંત્રીએ આ સ્માર્ટ વિલેજ યોજનાનો પ્રારંભ કરાવ્યો હતો. સાથે જ સ્વચ્છતાને પ્રોત્સાહિત કરતા જે ગામોએ ૧૦૦ ટકા શૌચાલયનું નિર્માણ કર્યું છે તેવા ગામોના સરપંચોનું તેમણે પ્રશસ્તિપત્ર અર્પણ કરી ગૌરવ સન્માન કર્યું હતું. મુખ્યમંત્રીએ કહ્યું કે, સ્માર્ટ વિલેજ યોજનામાં પ્રથમ વર્ષ ૩૦૦ ગામોને સ્માર્ટ બનાવવાની રાજય સરકારની નેમ છે.

આ યોજનામાં પસંદગી માટેના પેરા મીટર્સની વિસ્તૃત સમજ આપતા તેમણે ઉમેર્યું કે, ૧૦૦ ટકા રસીકરણ, ઝીરો પર્સન્ટેજ ડ્રોપ આઉટ રેસિયો, ૯૦ ટકા જેટલી વેરા વસુલાત, ૧૦૦ ટકા શૌચાલય તેમજ આરોગ્ય, શિક્ષણ, પાણી, આગણવાડીની સ્થિતિ જેવા બહુવિધ પાસાઓને આ યોજનામાં આવરી લેવાયા છે. તેમણે કહ્યું કે, આવા સ્માર્ટ વિલેજની પસંદગી માટે તંદુરસ્ત સ્પર્ધા ગામ ગામ વચ્ચે ઉભી થશે અને પસંદ થનારા સ્માર્ટ વિલેજને ત્રણ વર્ષે માટે રાજય સરકાર વિશેષ સહાય રૂ. ૧ કરોડથી લઈને રૂ. ૨૫ લાખ આપવાની છે. જે ગામો ત્રણ વર્ષ કરતા વહેલા સ્માર્ટ વિલેજ બની જશે તેને વિશેષ પ્રોત્સાહનની તેમણે જાહેરાત કરી હતી.

આનંદીબેન પટેલે સ્માર્ટ વિલેજ માટે ગામના સર્વાંગી વિકાસ કામોના સ્થાનિક સ્તરે જ જરૂરિયાત મુજબના આયોજન માટે પક્ષાપક્ષીથી ઉપર ઉઠીને ચૂંટાયેલા સદસ્યો અને ગ્રામ અગ્રણીઓ, નિવૃત શિક્ષકો આચાર્યોની સમિતિઓ રચવાનો અને વિકાસ આયોજનને વાસ્તવિકરૂપ આપવાનો નવતર વિચાર આપ્યો હતો. મુખ્યમંત્રીએ સ્પષ્ટ પણે જણાવ્યું કે, ગ્રામીણ વિસ્તારોમાં ઘર આંગણે ટેકનોલોજીયુક્ત નાગરિક સેવાઓ મળે તેવો ઉદાત ભાવ આ સ્માર્ટ વિલેજ યોજનામાં અભિપ્રેત છે.

# રાજ્યભરમાં તાપમાન ઘટ્યું

અમદાવાદ,તા. ૨૨

અમદાવાદ સહિત રાજ્યમાં ગરમીના પ્રમાણમાં આજે તીવ્ર પવન વચ્ચે વધુ ઘટાડો નોંધાયો હતો. ગઈકાલની સરખામણીમાં અમદાવાદમાં પારો આજે વધુ ગગડી ગયો હતો. ગઈકાલે નોંધાયેલા ૪૪ ડિગ્રીની સામે આજે અમદાવાદમાં મહત્તમ તાપમાન ૪૨.૬ ડિગ્રી તાપમાન નોંધાયું હતું.

રાજ્યમાં મોટાભાગના વિસ્તારોમાં પારો વધુ ઘટી ગયો છે. રાજ્યના પાટનગર ગાંધીનગરમાં ગઈકાલે ૪૩.૫ ડિગ્રી તાપમાન નોંધાયું હતું જેની સામે રવિવારના દિવસે ૪૨.૮ ડિગ્રી તાપમાન થયું હતું. હાલમાં જ ૪૮ સુધી મહત્તમ તાપમાનનો અનુભવ કરી ચુકેલા અમદાવાદ, કંડલા એરપોર્ટ જેવા વિસ્તારોમાં તાપમાનમાં નોંધપાત્ર ઘટાડો થયો છે.








